
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




પુસ્તક ૮૨ મું
અંક ૮
૨૫ મે

જેઠ

વીર સં. ૨૪૯૨
વિ. સં. ૨૦૨૨
ઇ. સ. ૧૯૬૬


(१०४) तेणे जहा सन्धिमुहे गहीए, सकम्मुणा किच्चइ पावकारी ।
एवं पया पेच्च इहं च लोए, कडाण कम्माण न मुक्ख अत्थि ॥४॥

૧૦૪. જેમ ચોર ખાતર પાડવાની જગ્યાએજ પકડાઇ જઇ પોતાનાજ કર્મ વડે પાપકારી થઈને કપાય છે, એજ રીતે, આ પ્રજા પોતાનાજ પાપ વડે પકડાઇ જઇ આ લોકમાં અને પરલોકમાંય કપાયા કરે છે–દુઃખ પામ્યા કરે છે. જે જે પાપકર્મો કર્યાં હોય તેનાં દુષ્પરિણામો ભોગવ્યા સિવાય છુટકારો નથી જ.

—મહાવીર વાણી


: પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા : : ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૮૨ મું :: વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી ગોડીજીપાર્શ્વનાથ સ્તવન | (મુનિ ભાસ્કરવિજય) | ૬૧ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણુકો બીજો-લેખાંક : ૧૫ | (સ્વ. મૌક્તિક) | ૬૨ |
| ૩ | શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ | (પં. મ. શ્રી સુશીલવિજયજી ગણિ) | ૬૫ |
| ૪ | ઉપમિતિભવ પ્રપંચાકથાને અંગે | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૬૯ |
| ૫ | પ્રાર્થના | ટાઇટલ પેજ | ૪ |


( અનુસંધાન ટાઇટલ ૪ થી શરૂ )

વસ્તુનું દર્શન થઈ શકે છે તેમ જીવને પરમાત્મા સાથેનો સંબંધ નિશ્ચેષ્ટ મનની અવસ્થામાં થઇ શકે છે અને મનુષ્યના વર્તનમાં સ્વાભાવિક રીતે નમ્રતા, ગંભીરતા, દ્રઢતા, ત્યાગ સંયમ આદિ દૈવી ગુણો આવવા લાગે છે. અને કામ, ક્રોધ, લોભ મોહ વગેરે દુર્ગુણો ઘટે છે.

કીર્તન પણ એક પ્રકારની પરમાત્મા પ્રત્યેની પ્રાર્થના છે. ભગવાનના બાહ્ય અને આંતરિક ગુણોના વર્ણનને કીર્તન કહે છે. શ્રી હરિભદ્રસૂરિએ જે સ્તુતિ-સ્તોત્રો (સ્તવનો) ગંભીર પદો રચાયેલા હોય અને શ્રી જિનેશ્વર દેવના ગુણોના કીર્તનરૂપ હોય તેમને ઉત્તમ કહેલા છે. કીર્તનરૂપ સ્તવનો પાંચ પ્રકારના છે. (૧) સામાન્ય ગુણ કીર્તનવાળા સ્તવનો, દાખલા તરીકે:-જગજીવન જંગવાલહો. (૨) દાસ્યભાવ પ્રેરિત ગુણ કીર્તન, દાખલા તરીકે -(૧) તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી જગતમાં એટલું સુજસ લીજે. (૨) સિદ્ધારથના રે નંદન વિનવું, વિનતડી અવધાર. (૩) સખ્યભાવ પ્રેરિત ગુણ કીર્તન દાખલા તરીકે:-બાળપણે આપણા સસનેહી રમતા નવનવ વેશે. (૪) સ્વનિંદાવાળું ગુણ કીર્તન. પોતાની ભુલો પ્રગટ કરીને તેમને સુધારવા માટે ભગવાનની કૃપા માગવી. રત્નાકર પચ્ચીશી, (સંસ્કૃતમાં અને ગુજરાતીમાં.) (૫) આત્મસ્વરૂપાનુભવ પ્રેરિત ગુણ કીર્તન. આત્મસ્વરૂપનો અનુભવ કરવાથી પ્રભુનું સ્વરૂપ સમજવામાં આવે છે.

(૧) હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, (૨) વિસર ગઇ દુનિયા તન-મનકી, અચિરાસુત ગુણ ગાનમેં.

બીજા સ્તવનો નીચે પ્રમાણે છે. સકલાર્હંત સ્તવન, અજીત શાંતિ સ્તવન, સંતિકરં સ્તવન, ભક્તામરસ્તોત્ર, કલ્યાણ મંદિર સ્તોત્ર. ભક્તામરસ્તોત્ર પ્રભુના ગુણોનું અને અતિશયોનું વર્ણન ઉપમાઓ સહિત બનાવેલું છે તેથી મધુર રીતે શાંત સ્થળમાં (બગીચામાં કે ટેકરીના શિખર પર) ગાવામાં આવે તો મનને સહજ આનંદનો અનુભવ થયા વિના રહેશે નહિ. કલ્યાણ મંદિર સ્તોત્ર પણ ઉપરના સ્તોત્ર જેવું જ છે. બન્ને સ્તોત્રો ખાસ કંઠે કરવા જેવા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

| પુસ્તક ૮૨ મું<br>અંક ૮ | જેઠ | વીર સં. ૨૪૯૨<br>વિક્રમ સં. ૨૦૨૨ |
|---|---|---|


## શ્રી ગોડીજીપાર્શ્વનાથનું સ્તવન

( સુરનાયકજી પાંડુકવનમેં ચીહું દીસે–એ રાગ ) સ્નાત્ર પૂજાનો

સમકિત સુદ્ધ રે પામે પ્રાણી પુણ્યવંતા,
નીત્ય સમરો રે પંચ પરમેષ્ઠિ ગુણવંતા.

( ઉથલો )

ગુણવંતા ગોડી પાસ સમરો, નગર ભાવેણા ગામમાં;
સુખ સંપદા પામે દુઃખ વામે, એ પ્રભુના નામમાં.
એ પ્રભુની સેવા સારે, કષ્ટ નિવારે સોહામણો;
દારિદ્ર ચુરે વાંછીત પુરે, પાર્શ્વ યક્ષ રળીયામણો.
દેરાસર નાકે રે, પૂજા અમરાની શેરીને;
ઢાળ બજારે રે, ભવીજનના દુઃખ હરીને.

( ઉથલો )

દુઃખ હરી સુખ આપે, મીથ્યા તીમીર ટાળીને;
અમે આવ્યા પ્રભુ તુમ શરણે, નેહ નજર તુમ ભાળીને.
અશ્વસેન રે નૃપતી કુળ ચંદલો,
વામા માતારે નંદન વંદન સહુ કરો;
પ્રભાવતી રે કંત સુણો મુજ વીનતી,
આપો સમકીત રે સાથ સારી શુભમતી.

( ઉથલો )

શુભમતી પ્રભુ આપજો, ને ભવ ભ્રમણ દૂરે ટળે;
નવનીધી અષ્ટ સીદ્ધી એજ છે, તુમ નામ સમરૂ પળે પળે.
ભવ ભવ ભમ્યો બહુ દુઃખ ખમ્યો, ઓ પ્રભુ! તુમ નામ વીના;
કેટલી વીતી કોણ જાણે, એ બધા દુઃખની બીના.
હવે આપો રે નિત્ય તુમ ચરણની સેવના,
નથી મારે રે બીજી કશીય ખેવના.

( ઉથલો )

ખેવના પ્રભુ એક છે જે વસીયે શીવપુર વાસમાં;
ધર્મભક્તિ કંચન પસાયે ભાસ્કર ભણે ઉલ્લાસમાં.
ઉલ્લાસમાં પ્રભુ એટલું કહું છુ, જેમ તાર્યો તમે નાગને;
ચતુર્વીધ સંઘની સેવા સ્વીકારી વીકસાવો નીજ બાગને.

—મુનિ ભાસ્કરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

મણકો ૨ જો :: લેખાંક : ૧૬

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

આ પ્રતિહારી પણ દૂતકાર્ય કરવામાં ખૂબ કુશળ હતો. તેણે સિદ્ધાર્થ રાજા સન્મુખ જઈ પ્રથમ તો તેમની તબિયતના સમાચાર પૂછ્યા અને તેનો યોગ્ય જવાબ મળતાં કહ્યું કે 'અહીંથી થોડે દૂર એક **વસંતપુર** નામનું નગર છે, તેમાં પોતાના શત્રુઓને ત્રાસ આપનાર એક સમરવીર નામના રાજા રાજ્ય કરે છે તે ખૂબ ચતુર અને શક્તિશાળી છે, તેની દીકરી નામે **યશોદા** છે. તે ભણી ગણીને પોતાના કાર્યમાં કુશળ થયેલી છે. તેનું નામ યશોદા કેમ રાખવામાં આવ્યું તે પણ જાણવા લાયક હકીકત છે. એક રાત્રીએ તે પુત્રીના જન્મ પહેલાં એ રાજા સુખમાં પોઢી ગયા હતા તે વખતે તેણે સ્વપ્ન જોયું કે કવચથી સજ્જ થયેલા યોદ્ધાઓયુક્ત અનેક રથોથી પોતે જાણે પરવરેલા છે અને પોતે મોટા હાથી પર આરૂઢ થયેલા છે. તે સર્વ યોદ્ધાઓને લઈને પોતે ઉદ્યાનમાં ગયેલા છે, ત્યાં તો મોટો કોલાહલ થયો. એને લીધે કેટલાક સુભટો ત્રાસી ગયા, કેટલાક પલાયન કરી ગયા અને પોતાની ધ્વજા પડી ગઈ. તે વખતે રહેલા યોદ્ધાઓ પણ જમીન પર રગદોળાયા અને વિજયના વાદ્યો બંધ થઈ ગયા. આ પ્રમાણે પરિસ્થિતિ થતાં રાજાએ આવી વિચિત્ર પરિસ્થિતિ થતી જોઈને તેણે પડી જતાં છત્રને ધરી રાખ્યું અને તેથી તેને મોટો વિજય પ્રાપ્ત થયો. આ વખતે તેમને મોટો વિજયધ્વજ પ્રાપ્ત થયો. રાજાએ પ્રભાતે સ્વપ્નપાઠકોને બોલાવી તેમને આ સ્વપ્નનું ફળ પૂછ્યું. સ્વપ્નપાઠકોએ કહ્યું કે "સ્વપ્ન પાંચ કારણે આવે છે: અનુભવેલ વાત હોય તે સ્વપ્નમાં આવે, જોયેલ વાત સ્વપ્નમાં આવે, પોતે ચિંતવેલ વાત સ્વપ્નમાં આવે, અથવા પ્રકૃતિમાં વિકાર થવાથી વાત સ્વપ્નમાં આવે અથવા દેવના પ્રભાવથી પણ સ્વપ્ન આવે. તો આપને આ પાંચમાંના કયા કારણે સ્વપ્ન આવ્યું તે આપ કહો તો અમારા સમજવામાં આવે."

રાજા સમરવીર કહે:–"હું આવું કારણ કાંઈ જાણતો કે સમજતો નથી. ગમે તે કારણે સ્વપ્ન આવ્યું હશે" "તો પછી" સ્વપ્નપાઠકે કહ્યું કે "સ્વપ્નની વાત સાચી કરો. આપ ઉદ્યાનમાં જાઓ. એમ કરવામાં શો વાંધો છે? એમ કરવામાં કાંઈ લાભ થશે, શું થશે તે સમજાતું નથી, પણ એમ કરવામાં નુકસાન થવાનો તો સંભવ નથી, પણ એમાં લાભ થવાનો સંભવ છે. આપે ડોલતાં છત્રને ધરી રાખ્યું અને આપને વિજયધ્વજ પ્રાપ્ત થયો તેથી એ સ્વપ્ન કાંઈક સારું જ કરે તેવું સાભિપ્રાય છે." રાજાએ સ્વપ્નપાઠકોનો આવો સારો અભિપ્રાય સાંભળીને તે સ્વીકારી લીધો અને તે જ વખતે વિજય-નોબત વગડાવી અન્ય કાર્ય મૂકી દઈને તેના સર્વ યોદ્ધાઓ તુરત આવી પહોંચ્યા અને તેઓ બખ્તર તથા આયુધો પહેરેલાં હતાં. કેક યોદ્ધાઓ અશ્વપર, અને કૈક તો હાથી પર તૈયાર થઈને હથિયાર ધરીને આવ્યા અને આ રીતે ચતુરંગિણી સેના તૈયાર થઈ ગઈ. તે વખતે મુખ્ય હાથી પર રાજા સમરવીર પણ પોતે તૈયાર થઈને બેઠો અને આખી સેનાએ નંદન નામના ઉદ્યાન તરફ પ્રયાણ કર્યું.

હવે તે જ વખતે એક **દુર્યોધન** નામનો સામંત ઉદ્યાનની સમીપમાં આવી પહોંચ્યો: તેણે ઘેરો ઘાલ્યો. તેનું આગમન જાણતાં સમરવીર રાજા પણ સંગ્રામ-સજ્જ થયો. તેને પણ ભારે નવાઈ લાગી. મારા આગમનના સમાચાર સમરવીર રાજાએ કેમ જાણ્યા હશે? એ વિચારથી દુર્યોધનને પણ વિચાર થઈ પડ્યો. એણે તો યુદ્ધ ચલાવ્યું. અંતે સમરવીર રાજાએ શત્રુ (દુર્યોધન)ને નાગપાસ વડે બાંધી લીધો. કેદી દુર્યોધન અને સમરવીર રાજા વચ્ચે કેટલીક વાતચીત થઈ. સમરવીરે તેને ઇષ્ટદેવનું સ્મરણ કરવા કહ્યું. જવાબમાં દુર્યોધન બોલ્યો કે સંગ્રામ શરૂ કર્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલાં જ તેણે ઇષ્ટદેવને યાદ કર્યા છે દેહે જે પ્રાપ્ત કરેલ કર્મ હોય તે દેહ ભોગવે જ રાજા સમરવીરે તે સામંતને ન મારી નાખતા તેને પોતાનાં રાજ-મહેલમાં લઈ ગયો અને ત્યાં તેને પાશથી મુક્ત કર્યો અને સ્નાન તથા ભોજન કરાવ્યાં. અ.થી જ્યારે લડાઇએ લીધેલ તેના અશ્વ તથા રથો પાછાં આપ્યાં ત્યારે તે સામંત દુર્યોધન પણ અમારા રાજા સમર-વીરની સેવાવૃત્તિ અંગીકાર કરી રાજસેવામાં ચાલુ રહ્યો રાજા સમરવીરને પણ આ આખું સ્વપ્નફળ જ લાગ્યું તેમણે સંતોષ ધારણ કર્યો અને પુત્રીનો જન્મ થતાં તેનો આવો મોટો યશ કરાવનાર પુત્રીને યશોદા નામ આપ્યું અને તેના જન્મથી પોતાંનો યશ અને મોટી કીર્તિ થયા છે એવી ધારણા કરી."

દૂત આગળ ચલાવે છે. "એ પુત્રી મોટી થઈ, ભણીગણી અને ખૂબ કાબેલ થઈ. એક વખત રાજાએ નિમિત્તીઆ(જોષી)ને પૂછ્યું કે "આવી ગુણવાન્ પુત્રીનો પતિ કોણ થશે?" નિમિત્તકે જવાબમાં કહ્યું કે "એનો પતિ એક હજારને આઠ લક્ષણવાળો કોઇ પ્રવર પુરૂષ જે દેવ અને દાનવને પૂજનીય હશે તે તેનો પતિ થશે." આ સાંભળ્યા પછી રાજાના મનમાં આપનો પુત્ર વસી રહ્યો છે અને તે કન્યાને મેઘનાદ નામના સેનાપતિ સાથે આપના પુત્ર સાથે વિવાહ સંબંધથી જોડવા મોકલાવી આપવામાં આવી છે. તે પ્રયાણ કરતાં મેઘનાદ અને યશોદા અહીં પોતે જ આવે છે એ હું દૂત તે રાજાનો પ્રતિહારી જરા આગળ કૂચ કરીને આવ્યો છું. હવે આપ પ્રમાણ છો."

રાજા સિદ્ધાર્થે આ લંબાણ વાત સાંભળી પોતાની ખુશી બતાવી અને હકીકત કન્યાને જાતે જોવા ઉપર મુલતવી રાખી. પણ એણે જે કન્યાનું વર્ણન સાંભળ્યું, તેથી તે રાજી થયા અને આ કાર્ય જો થઈ આવે તો સમયને યોગ્ય છે એટલો વિચાર બતાવવા સાથે સમરવીરની આવું મોટું જોખમ ખેડવાની ધૃષ્ટતાની પ્રશંસા કરવા લાગ્યા. આજના સમયમાં તો પરણુ-નાર કન્યા જોવાની બાબતમાં ભારે ધૃષ્ટતા ખાસ કરીને બીજવર કે ત્રીજવરના સંબંધમાં કરવામાં આવે છે. દેશ જાણે સર કરવો હોય તેવાં વર્ણન ગામેગામ જઇને તે સંબંધમાં કોઈ પરણનાર વરના સંબંધીઓ તૈયાર કરે છે, ચૂરમું અને દૂધપાક ઉડાડે છે અને પાછાં તે વર્ણનો ઉપર ચર્ચા થાય છે અને તે પર અભિપ્રાય લેવાય દેવાય છે. આ પદ્ધતિ કોઈ પણ રીતે પસંદ કરવા લાયક નથી એમાં પરણનાર વર તો કન્યાને જોઈ જ શકતો નથી અને તેને બધો આધાર જોવા જનારના રિપોર્ટ ઉપર રાખવો પડે છે. આ તો કન્યાની પસંદગી વર કરે કે વરના વડીલો કરે તે એમાંથી કોઈ વર્ગમાં આ પદ્ધતિ આવતી નથી અને જોવા જનાર પણ ઘણે ભાગે પોતાના પૂર્વબદ્ધ નિર્ણય અનુસારે જ રિપોર્ટ સારો કે ખરાબ આપે છે. આ પસંદગીમાં વરની ઇચ્છાને બદલે જોવા જનારની ઇચ્છા કામ લે છે અને તે પદ્ધતિ તો કોઇ પણ પ્રકારે ઇષ્ટ નથી.

અને સમરવીર રાજાએ ધૃષ્ટતા કરી કન્યાને મોકલી આપી તેમાં પણ એક પ્રકારની ધૃષ્ટતા ગણાય. કારણ કે કદાચ કન્યાની પસંદગી ન થાય તો આવી મોટી ધમાધમનું શું પરિણામ આવે તેનો વિચાર કરવો યોગ્ય છે, પણ એણે નિમિતીઆના વચન પર ભરોંસો રાખી જોખમ ખેડયું તેમાં તે ફાવી ગયો અને સંસા-રમાં ફતેહ જેટલું કોઇ ફતેહ પામતું નથી. બધાં સારાં વાનાં થયાં તે આપણે આવતા પ્રકરણમાં જોશું. અત્યારે તો કન્યાને મોકલી આપી અને તે મેઘનાદ સેનાપતિ સાથે ક્ષત્રિયકુંડને માર્ગે છે તેટલું આપણે જોઈ શકયા છીએ. હવે તેના જોખમનું શુભ પરિ-ણામ આપણે આવતા પ્રકરણમાં જોશું.

## પ્રકરણ ૧૫ મું.

**યશોદા:**

રાજા સિદ્ધાર્થ તો દૂતની આટલી વાર્તા સાંભળી પાછા રાજકાર્યમાં પડી ગયા અને એમને તો રાજ્યનાં અનેક કાર્યો અને વહીવટી બાબતોને અંગે તે વાત પણ યાદ ન આવી, યાદ કરવાનો કે તે સંબંધી ઉપાય કરવાનો તેમને પ્રસંગ જ ન મળ્યો, અને પોતે ભોળા અને નિર્દોષ હોવાથી ત્રિશલા રાણી સાથે પણ થાકને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લઇને તેઓ કાંઇ જ વાત કરી ન શક્યા અને મોડી રાત્રે આવીને સૂઈ રહ્યા.

સમરવીર રાજાએ તો હાથી, ઘોડા કનક વગેરેનો દાયજો પણ કુમારીને કરીને મોકલી આપીને મોટું જોખમ કર્યું હતું અને આવી રીતે તેને તો પોતાની ધારણા બર આવશે એની ખાતરી જ હતી એને નિમિત્તીઆના વચન પર પાકી શ્રદ્ધા હતી અને જોગાનુજોગ એની ઇચ્છાનો અમલ પણ એ જ રીતે થયો

આ વસંતપુર ક્યાં આવ્યું તેનો હજુ સુધી કાંઇ પત્તો લાગતો નથી. કલ્યાણવિજય સ્વરચિત મહાવીર ચરિત્રમાં તેને સિદ્ધાર્થરાજાનો એક સામંત કહે છે, પણ હેમચંદ્રાચાર્ય તેને રાજા કહે છે અને ગુણચંદ્રગણી કૃત મહાવીર ચરિત્રથી ટેકો મળે છે. ત્યાં તે વસંતપુર નગરના રાજા તરીકે વર્ણવાયેલ છે અને તે વસંતપુર ક્યાં આવેલું હતું અને તે રાજ્ય કેવું અને કેટલા વિસ્તારવાળું હતું તે જણાવવામાં આવ્યું નથી. આ સમરવીર રાજા હતો તે હકીકતને હેમચંદ્રાચાર્ય પોતાના ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રના મહાવીર ચરિત્રના બીજા સર્ગમાં ટેકો આપે છે. બ.કી તો મહાવીરસ્વામી પરણ્યા જ નહોતા એમ દિગંબર ભાઇઓ કહે છે, પણ લગ્નની વાતને કલ્પસૂત્ર જણાવે છે અને આવશ્યક નિર્યુક્તિકાર એ વાતને ટેકો આપે છે, તેથી શ્વેતાંબરોની માન્યતા પ્રમાણે તો તેમના લગ્ન સત્તર વર્ષની વયે થયા હતા એમ જણાય છે.

હાલમાં લગ્નની વય વધારે થાય તે પણ અનુકૂળ જણાય છે. અનેક કારણે મુસ્લીમ સમયમાં લગ્નની વય નાની ઉમરમાં ગણાતી તે તે સમયાનુસાર મુસ્લીમના જુલમથી બચવા માટે યોગ્ય ગણવામાં આવતું હતું, પણ આ બાળલગ્નની પ્રથા દૂર કરતાં દોઢસો વર્ષ નીકળી ગયા.

સાંસારિક રિવાજમાં જમાનાને ઘટતા સુધારા કરતાં પણ આવી રીતે યુગો ચાલ્યા જાય છે. મુસલમાનોના સમયમાં જે રિવાજ જરૂરિયાતને અંગે દાખલ થઈ ગયો તે દૂર કરતાં પણ આટલો લાંબો સમય થયો તે જોતાં સાંસારિક રિવાજમાં ફેરફાર કરવામાં કેટલી મુસીબત પડે છે તે સમજાય છે અને જડ ઘાલી બેઠેલા રિવાજો એકદમ તેનું કારણ જણાય તો પણ તેમાં સુધારો કરતાં આટલો ચાર પાંચ યુગનો કે તેથી પણ વધારે વખત લાગે છે એ વાત આ બળલગ્નના સુધારા અથવા ફેરફારને અંગે ખાસ જણાઇ આવે છે.

મહાવીરસ્વામી તો સત્તર વર્ષની વયે પરણેલા જણાય છે. તે યુગમાં આ વય પુરૂષને માટે યોગ્ય ધારવામાં આવતી હતી. કન્યા માટે હજુ સુધારાને અવકાશ હતો. ખૂદ મહાવીરસ્વામીની પુત્રી પ્રિયદર્શનાના લગ્ન દશ વર્ષની વયે થાય છે તે આપણે હવે પછી જોશું. આ સર્વ બાબતમાં સુધારો થતો જાય છે તે ઇષ્ટ છે એમ આપણને લાગે છે.

બીજે દિવસે મેઘનાદ સામંત કુમારી યશોદાને લઇને ક્ષત્રિયકુંડમાં દાખલ થયા. સિદ્ધાર્થ રાજાએ તેમને સાત માળના એક રાજભુવનમાં ઉતારો આપ્યો અને ત્યાં તેમને માટે ઉત્તમ ભોજનની વ્યવસ્થા કરી. મેઘનાદ સામંત પણ દીકરીને સાથે લઇ રાજદરબારે આવ્યો. સિદ્ધાર્થરાજાએ પ્રથમ તો સમરવીર રાજાના કુશળ સમાચાર પૂછ્યા અને કન્યા યશોદાનું રૂપ, લાવણ્ય અને નમ્રતા જોઈ તે સર્વ રીતે પોતાના પુત્રને યોગ્ય છે તેની ખાતરી કરી લીધી. તુરત લગ્ન લેવામાં આવ્યા અને નજીકનો દિવસ તે માટે પવિત્ર હોઇ રાજા સિદ્ધાર્થે તો પુત્રને કાંઇ પણ પૂછ્યા વગર લગ્નની તૈયારી કરવા માંડી. તે કાળમાં પુત્રની ઇચ્છા શું છે તે પૂછવાનો રિવાજ નહોતો. મંગળ વાજા વાગવાં માંડ્યાં અને પુત્ર મહાવીર વર્દ્ધમાનને આ હકીકત સાંભળી જરા નવાઈ લાગી.


તે પ્રભુના મિત્રો તો લગ્નસંબંધની વાતો કરતા હતા, તેમને કુમારનો જવાબ એક સરખો હતો; મારે વિષયોમાં પડવું જ નથી, જે વાત સંસાર વધારનારી છે તેમાં સુજ્ઞ પ્રાણીઓએ રસ લેવો ન જોઇએ. આવી વાત ચાલતી હતી ત્યાં માતા ત્રિશલા આવી પહોંચ્યા અને એને જોતાં જ પુત્રે લીધેલ પ્રતિજ્ઞા યાદ આવી. માતપિતા જીવતા હશે ત્યાંસુધી પોતે દીક્ષા નહિ લે. માબાપને જરા પણ દુઃખ ન લાગે, અને તેઓની લાગણી પણ ન દુઃખાય એ તેમનો નિર્ણય હતો એ વાત યાદ આવતાં મહાવીરે વેવિશાળ અને લગ્ન કબૂલ કર્યાં. (ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિદ્યમાન આગમને પુસ્તકારૂઢ કરનાર પૂર્વધર મહર્ષિ
# શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ

( ગતાંકથી ચાલુ ) [ લેખકઃ—પન્યાસજી મહારાજશ્રી સુશીલવિજયજીગણી ]



શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ

**વાલભી વાચના—**

કાળનું ચક્ર નિયમિત ફર્યા કરે છે અને વર્ષોનાં વહાણાં વાતાં જાય છે. શ્રી વીરવિભુના નિર્વાણથી દશમા સૈકામાં અગાઉના દુર્ભિક્ષને યાદ કરાવે તેવા પ્રકૃતિની અકૃપાથી પાછા બાર વર્ષી દુર્ભિક્ષે પોતાનો પંજો ચલાવ્યો. અનેક બહુશ્રુતો કાળધર્મને પામ્યા. પાછું શ્રુત છિન્નભિન્ન થયું.

આ બધું દુઃખજનક દ્રશ્ય જોતાં **પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજાએ,** પરમ પવિત્ર શ્રુતાગમની ભક્તિથી પ્રેરાઇને ભાવિ પ્રજાના ઉપકારને અર્થે શ્રી સંઘની સાગ્રહ વિનંતિને માન આપી, ઉપર્યુક્ત વાચનાઓ થયાને લગભગ ૧૫૦ વર્ષ વ્યતીત થતાં, વીર સંવત્ ૯૮૦ [ વિક્રમ સંવત્ ૫૧૦ ] માં કે મતાંતર ૯૯૩માં સુવિખ્યાત વલ્લભીપુરમાં શ્રમણ સંઘને એકત્રિત કર્યો અને તેઓના મુખેથી અવશેષ રહેલા ન્યૂનાધિક ત્રુટિત અને અત્રુટિત આગમોના પાઠોને—આલાપકોને ક્રમશઃ પોતાની પ્રજ્ઞા-બુદ્ધિવડે સંકલિત કરી પુસ્તકારૂઢ કર્યા.

આમ પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજે વેરાયેલાં શ્રુતરૂપી મોતીઓને માળાબદ્ધ કરવારૂપ મહાન્ ભગીરથ અને ભાવિપ્રજાને અમૂલ્ય વારસારૂપે ચિરસ્મરણીય અત્યંત લાભદાયી અનુપમ કાર્ય કર્યું.

આ સંબંધને જણાવનારા પ્રાચીન પ્રમાણો નીચે મુજબ છે:—

" वल्लहिपुरम्मि णयरे
देवड्ढिपमुहसयलसंघेहिं ।
पुत्थे आगमलिहिओ
नवसयअसियाओ वीराओ ॥ "
[ कल्पसबोधिकायाम् ]

" वल्लहिपुरंमि नयरे
देवड्ढिपमुहेण समणसंघेण ।
पुत्थअे आगमलिहिया
नवसय असीई तहा वीरे ॥१२॥ "
[ શ્રી જૈન સત્ય પ્રકાશના પર્યુષણપર્વ વિશેષાંકમાંના 'પ્રાચીન ઇતિહાસ'માંથી]

" वीरात् त्रिनन्दाङ्कशरद्यचीकरत्,
त्वच्चैत्यपूते ध्रुवसेनभूपतिः ।



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



यस्मिन् महैः संसदि कल्पवाचनामा-
द्या तदानन्दपुरं न कः स्तुते ? ॥ ”

[ श्रीमुनिसुन्दरसूरिकृत-स्तोत्ररत्नकोशे ]

આના સમર્થનમાં સામાચારીશતકમાં શ્રીસમયસુંદર ગણિવર નીચે પ્રમાણે જણાવે છે—

“ श्रीदेवर्द्धिगणिक्षमाश्रमणेन श्रीवीरादशीत्यधिकनवशत (९८०) वर्षे जातेन द्वादशवर्षीयदुर्भिक्षवशाद् बहुतसाधुव्यापत्तौ बहुश्रुतविच्छित्तौ च जातायां......भविष्यद् भव्यलोकोपकाराय श्रुतभक्तये च श्रीसङ्घाग्रहाद् मृतावशिष्टतदाकालीनसर्वसाधून् वलभ्यामाकार्य तन्मुखाद्विच्छिन्नावशिष्टानन्यूनाधिकान् त्रुटितानुत्रुटितानागमालापकाननुक्रमेण स्वमत्या सङ्कलय्य पुस्तकारूढाः कृताः । ततो मूलतो गणधरभाषितानामपि तत् सङ्कलनानन्तरं सर्वेषामपि आगमानां कर्ता **श्रीदेवर्द्धिगणिक्षमाश्रमण** एव जातः । ”

વાચક શ્રીવિનયવિજયજી મ૦ પણ નીચે પ્રમાણે જણાવે છે—

“ दुर्भिक्षे स्कन्दिलाचार्य-देवर्धिगणिवारके ।
गणनाऽभावतः साधु-साध्वीनां विस्मृतं श्रुतम् ॥
ततः सुभिक्षे संजाते सङ्घस्य मेलकोऽभवत् ।
वलभ्यां च मथुरायां च सूत्रार्थघटनाकृते ॥
वलभ्यां संगते सङ्घे देवर्द्धिगणिरग्रणीः ।
मथुरायां संगते स्कन्दिलाचार्योऽग्रणीरभूत् ॥
ततश्च वाचनाभेदस्तत्र जातः क्वचित् क्वचित् ।
विस्मृतस्मरणे भेदो जातु स्यादुभयोरपि ॥
तैस्ततोऽर्वाचीनैश्च गीतार्थैः पापभीरुभिः ।
मतद्वयं तुल्यतया कक्षीकृतमनिर्णयात् ॥ ”

શ્રીમલયગિરિજી મ૦ પણ જ્યોતિષ્કરંડ વૃત્તિમાં નીચે પ્રમાણે જણાવે છે—

“ इह स्कन्दिलाचार्य प्रवृत्तौ दुःषमानुभावतो दुर्भिक्षप्रवृत्त्या साधुनां पठनगुणनादिकं सर्वमप्यनेशत्, ततो दुर्भिक्षातिक्रमे सुभिक्षप्रवृत्तौ द्वयोः सङ्घयो र्मेलापकाऽभवत् । तद्यथ-एको वलभ्यां, एको मथुरायां, तत्र च सूत्रार्थसंघटनेन परस्परं वाचनाभेदो जातः । विस्मृतयो र्हि सूत्रार्थयोस्मृत्वा स्मृत्वासंघटने भवत्यवश्यं वाचनाभेदो, न काचिदनुपपत्तिः ॥ ”

**વલ્લભીપુરની ખ્યાતિમાં થયેલી વૃદ્ધિ—**

આજનું વળા એટલે પ્રાચીનકાળનું વલ્લભીપુર. સૌરાષ્ટ્રનું (સોરઠ-કાઠીયાવાડનું) ‘સિટી ઓફ ટેમ્પલ્સ’ તરીકે પ્રખ્યાત મહામૂલ્ય તીર્થસ્થાન ગિરિરાજ શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પ્રાચીન તળેટી એક વખતે એ વલ્લભીપુરને આંગણે હતી.

આ અવસર્પિણીના આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવ પરમાત્માએ પૂર્વનવ્વાણુવાર શ્રી શત્રુંજય ગિરિરાજની સ્પર્શના કરતાં પોતાની પવિત્ર રજકણોથી એ વલ્લભીપુરને પણ પાવન કર્યું હતું.

આ જ નગરના મહારાજા શિલાદિત્યની રાજસભામાં એ જ મહારાજાની સમક્ષ દ્વાદશારનયચક્રના કર્તા તાર્કિક શિરોમણિ શ્રી મલ્લવાદી મહારાજશ્રી બૌદ્ધોની સાથે શાસ્ત્રાર્થ કરી સનાતન જૈન ધર્મની વિજયપતાકા જગતભરમાં લહેરાવી હતી.

ભારતીય ઇતિહાસકારો પણ સંશોધનને પરિણામે આજે એકમતે એ વાતને કબૂલે છે કે એક કાળે આ વળા-વલ્લભીપુર જ્ઞાન, સંસ્કૃતિ, સંસ્કાર, ઉદ્યોગ અને ધર્મનું કેન્દ્ર હતું. દેશદેશાવરના સેંકડો નહિ બલ્કે હજારો જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓનું આ આશ્રય સ્થાન હતું.


એ જ પુણ્યવંત પ્રાચીન નગરમાં જ્યારે શ્રુતધર મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજાએ શ્રમણ સંઘ એકત્ર કરી આગમને પુસ્તકારૂઢ કર્યું ત્યારથી એની પ્રસિદ્ધિ વિશેષ થઇ.

ત્યાર પછી પણ ‘શ્રી શત્રુંજય માહાત્મ્ય’ ગ્રંથના રચયિતા આચાર્ય શ્રી ધનેશ્વરસૂરિજી મહારાજાદિ અનેક સંત મહાપુરુષોની ચરણરજથી એ પવિત્ર બન્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





વલ્લભીપુરનું ભવ્ય જિનમંદિર

અઢાર દેશના અધિપતિ શ્રી કુમારપાલ મહારાજા અને મહામંત્રીશ્વર શ્રી વસ્તુપાલ, તેજપાલ વગેરે સંઘપતિઓએ તીર્થસાર્વભૌમ શ્રી સિદ્ધગિરિજી આદિનો સંઘ કાઢી ચતુર્વિધ સંઘ સહિત એ વલ્લભીપુરને પાવન કર્યું.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ ભગવંતે અને પરમાર્હત્ શ્રી કુમારપાલ મહારાજાએ પણ પોતાની કરેલી કૃતિઓમાં એ વલ્લભીપુરની મુક્ત કંઠે પ્રશસ્તિ ગાઈ.

સમય જતાં જાહોજલાલી ભોગવતું એ વલ્લભીપુર પણ કાળના પ્રવાહમાં ઘસડાયું, છતાં પણ આજે એ પોતાની ખ્યાતિને દિગન્તમાં ફેલાવતું ટકી રહ્યું છે. પૂર્વે પરમ પૂજ્ય પ્રશાંતમૂર્તિ પ્રદાદા ગુરુદેવ સ્વ૦ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજે એ વલ્લભીપુર પર પરમ ઉપકાર કર્યો. તેના પરિણામે ભવ્ય જિનમંદિર અને વિશાળ ઉપાશ્રયથી એ વિભૂષિત બન્યું.

ત્યાર પછી તેમના જ અનુપમ શિષ્યરત્ન શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તી બાલબ્રહ્મચારી કદમ્બગિરિ પ્રમુખ તીર્થોદ્ધારક પૂજ્યપાદ પ્રગુરુ ગુરુવર્ય સ્વ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજે પણ અસીમ ઉપકાર કર્યો અને ત્યાંના ઠાકોર સ્વ૦ શ્રી વખતસિંહજીને, વર્તમાન શ્રી ગંભીરસિંહજીને તથા સમસ્ત રાજકુટુમ્બને સદુપદેશ દ્વારા જૈનધર્મ તરફ આકર્ષ્યા. વળી એ વલ્લભીપુરને 'આર્યાવર્તની આદર્શ વિદ્યાપીઠ' બનાવવાના મનોરથો કર્યા. તેના પરિણામે આજે એ જ નગરમાં ભવ્ય જિનમંદિર, સુંદર ગુરુમંદિર અને પ્રાચીન-અર્વાચીન વિશાળ સાહિત્યના અપૂર્વ સંગ્રહ સમાન જ્ઞાનમંદિરની સ્થાપના અને 'શ્રી વૃદ્ધિ-નેમિસૂરીશ્વરજી જૈન વિદ્યાર્થી ગૃહ' વગેરે જોવાય છે એટલું જ નહિ પણ વિદ્યમાન સકલ આગમને પુસ્તકારૂઢ કરનાર શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મ૦, રાજસભામાં બૌદ્ધોને સખ્ત હાર આપી શાસનની વિજયપતાકા લહેરાવનાર શ્રી મલ્લવાદી મ૦ તથા 'શ્રી શત્રુંજય મહાત્મ્ય'ના કર્તા શ્રી ધનેશ્વરસૂરિજી મ૦ વગેરેનાં સ્મારકો-બિંબો વગેરે પણ અનુપમ શોભી રહ્યાં છે.

**અસીમ ઉપકાર—**

પૂર્વે એ વીરપ્રભુના મુખારવિંદમાંથી નીકળેલ સ્વયંભૂરમણ સમુદ્રરૂપ અગાધ આગમ સાગર ક્યાં? અને આજનું વિદ્યમાન આગમરૂપી બિન્દુ ક્યાં?

છતાં વર્તમાનકાળમાં એ બિન્દુ સમાન પણ શ્રુત-આગમ સાહિત્ય આજે પણ જગતમાં અજોડ અને સર્વોત્કૃષ્ટ છે. નષ્ટ થતા એ શ્રુત સાહિત્યને જો એ પૂજ્ય શ્રી દેવાર્દ્ધગણિ ક્ષમાશ્રમણજી મહારાજે પુસ્તકારૂઢ ન કર્યું હોત તો આજે આપણી શું દશા થાત? જગતમાં આપણે ક્યાં જઈને ઊભા રહેત?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા દુષમકાળમાં પણ ભવસિન્ધુ તરવાના સાધનરૂપ એ આગમ-શ્રુત અલૌકિક જહાજ છે. આવો અણમોલ વારસો આપનાર અસીમ ઉપકારક પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મ૦નો અસીમ ઉપકાર કોઈનાથી કદી પણ ભૂલી શકાય તેમ નથી.

**શ્રુતધરોમાં તેમનું સ્થાન—**

શ્રુતકેવલીઓ અને શ્રુતધર મહર્ષિઓ પણ વિશ્વમાં મહામંગલકર્તા છે. શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ પણ શ્રુતધર છે. એમની પૂર્વે પણ અનેક શ્રુતધરો થયેલા છે, **'તે સર્વ અમારું મંગળ કરો'** એ ભાવને જણાવનારા નીચેના બન્ને શ્લોકો છે, જુઓ—

[ शादूलविक्रीडित–वृत्तम् ]

" श्रीजम्बू: प्रभव: प्रभुर्गतभव:, श्रीयशोभद्राख्य:
श्रुतकेवली च चरम:, श्रीभद्रबाहुर्गुरु: ।
शीलस्वर्णकषोपल: स विमल:, श्रीस्थूलभद्रप्रभु:,
सर्वेऽप्यार्यमहागिरिप्रभृतय: कुर्वन्तु वो मङ्गलम् ॥
श्यामाचार्यसमुद्रमङ्गुसमिता:, श्रीभद्रगुप्तादय:,
श्रीमान् सिंहगिरिस्तथा धनगिरि:,
स्वामी च वज्राभिध: ।
श्रीवैरो मुनिरार्यरक्षितगुरु:, पुष्यो गुरु: स्कन्दिल:,
श्रीदेवर्द्धिपुरस्सरा: श्रुतधरा:,
कुर्वन्तु वो मङ्गलम् ॥

—ધર્મસૂરિ-મંગલાષ્ટક પી. પ. ૧૩૯

—શ્રી જંબૂસ્વામી, (તેના શિષ્ય) પ્રભવસ્વામી, (તેના શિષ્ય) ભવ જેણે ગાળી નાંખ્યો છે એવા શય્યંભવ દશવૈકાલિકસૂત્ર કર્તા )સૂરિ, (તેના શિષ્ય) યશોભદ્ર, (તેના શિષ્ય) ચરમ શ્રુતકેવલી ભદ્રબાહુગુરુ, (તેના શિક્ષા શિષ્ય) શીલરૂપી સુવર્ણની કસોટીરૂપ સુવિમલ એવા પ્રભુ સ્થૂલભદ્ર, (તેમના શિષ્ય) આર્ય મહાગિરિ અમારું મંગલ કરો.


શ્યામાર્ય ( પ્રજ્ઞાપના સૂત્ર કર્તા ), આર્યસમુદ્ર, આર્યમંગુ સર્વે, ભદ્રગુપ્તાદિ, સિંહગિરિ, ધનગિરિ, શ્રી વૈર(વજ્ર)સ્વામી, વજ્રમુનિ, આરક્ષિત (અનુયોગદ્વાર કર્તા), પુષ્પ ( દુર્બલિકાપુષ્પ ), ગુરુ સ્કન્દિલ ( મથુરા વાચનાવાળા ) અને દેવર્દ્ધિગણિ ( વલભી વાચનાવાળા ) એ પુરઃસર શ્રુતધરો-શ્રુતજ્ઞાનીઓ અમારું મંગલ કરો.

[શ્રી જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ : પૃ. ૪૬માંથી.]

**ઉપસંહાર—**

સૂત્ર અને **અર્થરૂપ** રત્નોના રત્નાકર, ક્ષમા, દમ અને માર્દવાદિ ગુણોના ભંડાર અને ઉપલબ્ધ શ્રુત સાહિત્યના ઉદ્ધરનાર એવા કાશ્યપગોત્રીય જૈનશાસનના મહાન્ જ્યોતિર્ધર **પૂજ્ય શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજ** સંયમનું સુંદર આરાધન કરી, શ્રી વીર નિર્વાણથી ૧૦૦૦ વર્ષે સમાધિપૂર્વક કાળધર્મ પામી પરલોકના પંથે સંચર્યા અને સદ્દગતિને પામ્યા, છતાં પણ આજે તેમની અમરકીર્તિ દિગંતમાં જીવંત છે, એવા

**શ્રુતધર મહર્ષિ શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજી મહારાજને કોટિશઃ વંદન.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપમિતિ ભવપ્રપંચા કથાને અંગે

લે૦ પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

જૈન સાહિત્ય આજે પણ સમસ્ત જગતમાં ઉન્નત મસ્તકે ઊભું રહ્યું છે અને રહેશે. તેનું એક કારણ તે એના મહામૂલ્યશાળી, મહત્ત્વપૂર્ણ અને આત્મોન્નતિકારક ગ્રન્થો છે. આવો એક ગ્રન્થ તે [1]**ઉપમિતિભવ પ્રપંચાકથા** છે. એમાં વિવિધ વિષયોનું તલસ્પર્શી નિરૂપણ છે. એ દુર્ગુણો અને સદ્‌ગુણો ઉપર પૂરતો પ્રકાશ પાડે છે. એ સંસારી જીવને ઉન્નતિના ઉચ્ચતમ શિખરે પહોંચવા માટેનો માર્ગ રોચક શૈલીમાં દર્શાવે છે. એ મહારૂપક છે. એક સમયે સંસ્કૃતમાં રચાયેલા રૂપકાત્મક ગ્રંથોમાં કૃષ્ણમિત્રકૃત **પ્રબોધચન્દ્રોદય પ્રથમ હોવાનો** ઉલ્લેખ થતો હતો પરંતુ પ્રો. પિટર્સન અને ડૉ. યાકોબીના હાથે આ ઉપમિતિ ભવપ્રપંચા કથાનું સંપાદન થતાં એ વાત પડતી મૂકાઇ. આજે તો વિવિધ ભાષામાં રચાયેલા ભારતીય તેમજ અભારતીય ઉપલબ્ધ રૂપકાત્મક ગ્રંથોમાં આ ઉપમિતિભવ પ્રપંચાકથાથી ચડિયાતો તો શું પણ એની બરાબરી કરી શકે એવો એક પણ સ્વતંત્ર ગ્રન્થ નથી. આ મહારૂપક કે એના ગુજરાતી ભાષાવતરણ (અનુવાદ) તરીકે છપાયેલાં પુસ્તકો વગેરે વર્ષો થયાં અપ્રાપ્ય છે તેમ છતાં એના પ્રકાશનાર્થે અદ્યાપિ યોગ્ય પ્રબંધ કરાયેલો જણાતો નથી. આ મહારૂપકના સારાંશરૂપે રચાયેલા કેટલાક સંસ્કૃત ગ્રન્થો અને એને અંગેનો રાસ હજી એકવાર પણ પ્રસિદ્ધ થયાનું જાણવામાં નથી. આ વિષમ પરિસ્થિતિનો સત્વર અંત આવે અને જૈન જનતાનો મોટો ભાગ આ મહારૂપકથી અમુક અંશે પણ પરિચિત બને અને જૈન તેમજ અજૈન વિદ્વાનો આ મહરૂપકનો પૂરેપૂરો લાભ ઉઠાવે અને આ ગ્રન્થનું સમુચિત સન્માન આખી આલમમાં થાય તે માટે આવશ્યક પગલાં ભરાય એ વિનમ્રપણે સુચવવાના ઉદ્દેશથી મેં આ લેખ લખવાનું વિચાર્યું છે.

**પ્રકાશનો**—ઉપમિતિભવ પ્રપંચા કથાની પ્રો. પિટર્સન અને ડૉ. યાકોબી દ્વારા સંપાદિત આવૃત્તિ "બિબ્લિઓથેકા ઇન્ડિકા સિરીઝ" માં ઈ. સ. ૧૮૯૯–૧૯૧૪ માં પ્રકાશિત થઈ છે. આ પ્રકાશન મારી સામે નથી એટલે એ સંબંધમાં વિશેષ કહી શકાય તેમ નહિ હોવાથી મારી એક નોંધના આધારે એટલો જ નિર્દેશ કરીશ કે આમાં [1]પ્રસ્તાવના, શબ્દોની અકારાદિ ક્રમે સૂચી, આઠે પ્રસ્તાવોની અંગ્રેજીમાં રૂપરેખા, પાત્રોનાં વિશેષનામોની સૂચી તેમજ **પ્રભાવક ચરિત**ગત સિદ્ધર્ષિ પ્રબન્ધના અંગ્રેજી અનુવાદને સ્થાન અપાયું છે.

ઉપમિતિભવ પ્રપંચાકથા આઠ પ્રસ્તાવોમાં વિભક્ત છે. એના પહેલા ચાર પ્રસ્તાવ પૂરતું લખાણ 'પૂર્વાર્દ્ધ' તરીકે "શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ" સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૮ માં પ્રકાશિત કરાયું છે. એમાં કેવળ મૂળ છે; પ્રસ્તાવના વગેરે કશું જ નથી. બાકીના ચાર પ્રસ્તાવરૂપ લખાણ 'ઉત્તરાર્દ્ધ' તરીકે આ જ સંસ્થાએ ઇ. સ. ૧૯૨૦ માં છપાવ્યું છે. એમાં પ્રારંભમાં આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરિજીએ વિ. સં. ૧૯૭૬ માં સંસ્કૃતમાં લખેલી વિસ્તૃત [2]પ્રસ્તાવના છે. એમાં એમણે આઠ મુદ્દાઓ ચર્ચ્યા છે. તેમજ ઉપર્યુક્ત સિદ્ધર્ષિ પ્રબન્ધ ઉધ્ધૃત કર્યો છે. ત્યાર બાદ આઠે પ્રસ્તાવોના [3]વિષયનો યથેષ્ટ બોધ કરાવનારી સંસ્કૃતમાં અનુક્રમણિકા, અકારાદિ ક્રમે ઉપર્યુક્ત વાક્યો, પાત્રાદિનાં વિશેષનામોનો અનુક્રમ, વિવિધ વર્ણનોની અનુક્રમણિકા તેમજ પાત્રોના પ્રસ્તાવાદિને લગતું કોષ્ટક અપાયાં છે. આમ આ ઉત્તરાર્દ્ધ અનેક જાતની મહત્ત્વપૂર્ણ સામગ્રીથી સમૃદ્ધ બનાવાયું છે.

૧ આને કેટલાક 'ઉપમિતભવ પ્રપંચાકથા' કહે છે.

૧ આમાંથી કેટલુંક લખાણ અવતરણરૂપે **સિદ્ધર્ષિ**માં અપાયું છે. દા. ત. જુઓ પૃ. ૩૯–૪૦ અને ૭૦–૭૧.

૨ આ તેમજ આગમોદ્ધારકની અન્ય પ્રસ્તાવનાઓ એના ગુજરાતી અનુવાદપૂર્વક એક પુસ્તકરૂપે પ્રકાશિત થવી ઘટે.

૩ વિષયોનું સૂચન હાંસિયાઓમાં પણ કરાયું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ બંને પ્રકાશનોમાંથી એકે આજે મળતું નથી. એથી દે. લા. જૈ. પુ. ફંડના ઉત્સાહી કાર્યકરોને મારી વિજ્ઞપ્તિ છે કે તેઓ અદ્યતન સમીક્ષાત્મક સંપાદન કળાથી અલંકૃત સ્વરૂપે પાઠાંતરોપૂર્વક ઉપમિતિભવ પ્રપંચાકથા પ્રકાશિત કરે. સંસ્કૃત પ્રસ્તાવનાની સાથોસાથ અંગ્રેજીમાં ઉપોદ્ઘાત, પ્રથમ પ્રકાશનગત પ્રસ્તાવના (સુધારાઓ સાથે) સમગ્ર કથાનો સારાંશ, ગદ્યપદ્યાત્મક લખાણગત ૧૦૨૦ પદ્યોની અકારાદિ ક્રમે સૂચી તેમજ મૂળ લખાણને અંગે તે તે સ્થળે વિષય સૂચક શીર્ષક વગેરે સામગ્રી પણ પીરસે. ડૉ. મિરદેનોએ સિદ્ધર્ષિને અંગે લખેલા નિબંધને પણ સ્થાન આપવું ઘટે.

**હાથપોથીઓ**—ઉપમિતિભવ પ્રપંચા કથાના ઉપર્યુક્ત પ્રકાશનોમાં કઈ કઈ હાથપોથી ઉપયોગમાં લેવાઈ છે તે જાણવું બાકી રહે છે. અહીં હું એ સૂચવીશ કે "ભાંડારકર પ્રાચ્યવિદ્યા સંશોધન મંદિર"માં મુંબઈ સરકારની માલિકીની વીસેક હજાર હાથપોથીઓ છે. તેમાં પ્રસ્તુત ગ્રન્થની એક તાડપત્રીય પ્રતિ છે. એ અસ્તવ્યસ્ત દશામાં છે. આ ઉપરાંત બે હાથપોથીઓ કાગળ ઉપર લખાયેલી છે. એમાંની એક વિ. સં. ૧૪૭૫ માં લખાયેલી છે. આ ત્રણેનો પરિચય મેં "Descriptive Catalogue of the Government Collections of manuscripts" (Vol. XIX, dec. 2, pt. 1, pp. 90-99) માં આપ્યો છે. પાટણના એક ભંડારમાં વિ સં. ૧૨૬૧ માં લખાયેલી એક તાડપત્રીય પ્રતિ છે. આ ઉપરાંતની કેટલીક હાથપોથીઓની નોંધ **જિનરત્નકોશ** (પ્રથમ વિભાગ, પૃ. ૫૪) માં છે. આમ હોઈ સંપાદનાર્થે જાતજાતની હાથપોથીઓ ઉપયોગમાં લઈ શકાય તેમ છે.

**પ્રશસ્તિ**—આ લગભગ ૧૬૦૦૦ શ્લોક જેવડી ઉપમિતિભવપ્રપંચા કથાના અંતમાં ૨૩ પદ્યોની પ્રશસ્તિ છે. તેમાં પદ્ય ૧–૧૩ માં ગ્રન્થ કર્તાએ પોતાના પૂર્વજો-પુરોગામી મુનિવરો વિષે ઉલ્લેખ કર્યો છે. ચૌદમાં પદ્યમાં એમણે આ ગ્રન્થનું તેમજ પોતાનું [1]'સિદ્ધ' એવું નામ દર્શાવેલ છે. વિશેષમાં અહીં કહ્યું છે કે આ કથા ગીર્દેવતાએ અર્થાત્ વાગ્દેવીએ બનાવી અને મેં કહી.[1] પદ્ય ૧૫–૧૭માં હરિભદ્રસૂરિનો નિર્દેશ છે. પદ્ય ૧૮–૨૦ માં આ કથા 'ભિલ્લમાલ' નગરમાં જાહેરમાં કહી સંભળાવ્યાની વાત છે. અહીં વીસમા પદ્યમાં કર્તાએ પોતાને 'કવિ' કહ્યા છે. ૨૧ મા પદ્યમાં પ્રથમાદર્શ લખનાર તરીકે ગણા નામની સાધ્વીનો ઉલ્લેખ છે. અહીં એ સાધ્વીને શ્રુતદેવતાનું અનુકરણ કરનારી અને પોતાના ગુરુ દુર્ગસ્વામીની શિષ્યા તરીકે ઓળખાવી છે ૨૨ મા પદ્યમાં આ રૂપકાત્મક કથા સંવત્ ૯૬૨ ના જ્યેષ્ઠ શુક્લ પંચમીને ગુરુવારે 'પુનર્વસુ' નક્ષત્રમાં પૂર્ણ કરાયાનો ઉલ્લેખ છે. ૨૩ મા–અંતિમ પદ્યમાં આ ગ્રન્થનું પરિમાણ લગભગ ૧૬૦૦૦ શ્લોક જેવડું દર્શાવાયું છે.

**પાઠાંતર કે શુદ્ધિ?**—દ્વિતીય પ્રકાશનમાં પ્રશસ્તિના દસમા પદ્યમાં "सिद्ध(सद्‌र्षि)" એમ છપાયું છે તે પાઠાંતર છે કે સંપાદક મહાશયે સૂચવેલી શુદ્ધિ છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે.[2] પદ્યો ૧૦–૧૩ પ્રસ્તુત ગ્રન્થકારે જાતે રચ્યાં હોય તો એ અન્યને–સદ્ધર્ષિને અંગે હશે, નહિ કે પોતાને વિષે. કેમકે વિનમ્ર ગ્રંથકાર પોતાની આટલી બધી પ્રશંસા કરે નહિ. એમના કદાચ કોઈ ભક્તે એમના ગુણગાનરૂપે આ પદ્યો રચ્યાં હોય અને એને પ્રશસ્તિમાં આગળ ઉપર સ્થાન અપાયું હોય તો ના નહિ.

**ગુરુ પરંપરા કે પટ્ટ પરંપરા?**—પ્રશસ્તિનાં પ્રારંભિક પદ્યોમાં 'નિર્વૃત્તિ' કુળના સૂરાચાર્યનો સૌથી પ્રથમ ઉલ્લેખ છે. એથી પ્રસ્તુત ગ્રન્થકારનું પણ આ કુળ હોવાનું ફલિત થાય છે. સૂરાચાર્ય પછી દેલ્લ મહત્તર થયા અને ત્યારબાદ દુર્ગસ્વામી એમ જે કહ્યું છે તેથી આ સૂરાચાર્યના શિષ્ય અને પ્રશિષ્યનાં નામ છે કે આ તો પટ્ટપરંપરા છે તેનો અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે. વળી ગર્ગર્ષિનો દેલ્લ મહત્તર સાથે શો સંબંધ છે તેની તપાસ થવી ઘટે; બાકી એમણે દુર્ગસ્વામીને તેમજ પ્રસ્તુત ગ્રન્થકારને

૧ આને બદલે 'સિદ્ધર્ષિ' નામ વિશેષ પ્રચારમાં આવ્યું છે. એનો પ્રારંભ ક્યારથી થયો તે તપાસવું જોઈએ.

૧ ઉદ્દ્યોતનસૂરિએ **કુવલયમાલા** 'હ્રી' દેવીના સાનિધ્યથી-કૃપાથી રચાયાનું કહ્યું છે તેવું આ કથન છે.

૧ આ માટે હાથપોથીઓ તપાસવી જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દીક્ષા આપી હતી 'સદ્દર્ષિ' પાઠ વાસ્તવિક જ હોય તો એઓ દુર્ગસ્વામીના શિષ્ય હશે અથવા એમના પટ્ટપ્રભાવક હશે.

**રચના વર્ષ**—પ્રસ્તુત કૃતિ સંવત્ ૯૬૨ માં રચાઇ એમ બાંવિભારે કહ્યું છે. આથી આ સંવત્ તે કયો એ પ્રશ્ન ઉદ્‌ભવે છે. શ્વેતાંબરોના ગ્રન્થો અંતે **વીર** સંવત્, ગુપ્ત સંવત્ શક સંવત્ અને **વિક્રમ** સંવત્ એ ચાર પૈકી ગમે તે એકનો નિર્દેષ જોવાય છે. એ હિસાબે અહીં વિચાર કરતાં જ્યેષ્ઠ શુક્લ પંચમીએ ગુરુવાર તેમજ પુનર્વસુ નક્ષત્ર હોય એવો સંવત્ તો વિક્રમ સિવાય અન્ય સંભવતો નથી. **વીર** સંવત્ તો હોઇજ શકે નહિ કેમકે કર્તાએ જે હરિભદ્રસૂરિનો ઉલ્લેખ કર્યો છે તેઓ વિ. સં. ૫૮૫ માં એટલે કે **વીર** સંવત ૧૦૫૫ માં સ્વર્ગવાસ થયાની પરંપરા સ્વીકારાય તો પણ વીર સંવત સંગત થઈ શકે નહિ. આમ હોઈ આ મહારૂપક ઇ. સ. ૯૦૬ના 'મે'ની પહેલી તારીખે પૂર્ણ થયું એમ ફલિત થાય છે. એ પૂર્વે દુર્ગસ્વામીનો ભિલ્લમાલમાં સ્વર્ગવાસ થયો હતો.

**રચના સ્થળ**—આ મહારૂપકનું જાહેર વાંચન ભિલ્લમાલમાં કરાયું છે તો એની પૂર્ણાહુતિ પણ ત્યાં જ થઇ હશે. દુર્ગસ્વામીનો સ્વર્ગવાસ ભિલ્લમાલમાં થયા બાદ જો આ પૂર્ણાહુતિ ટૂંક જ સમયમાં થઇ હોય તો આ વાતને સમર્થન મળે છે.

**કૃતિકલાપ**—સૂરાચાર્ય, હેલ્લમહત્તર, દુર્ગસ્વામી અને **સદ્દર્ષિ** પૈકી કોઇએ એક પણ ગ્રન્થ રચ્યો હોય એમ જોવા–જાણવામાં આવતું નથી. ૧૬૮ ગાથામાં કમ્મવિવાગના રચનારનું નામ ગર્ગર્ષિ છે. શું તેઓ જ અત્ર પ્રસ્તુત છે? કમ્મવિવાગ ઉપર ભાસ ક્યારે રચાયું તે જાણવામાં આવે તો આ દિશામાં કંઇક પ્રકાશ પડે. બાકી એની એક વૃત્તિ વિ. સં. ૧૨૨૧ માં વિદ્યમાન **પરમાનંદસૂરિ**એ રચી છે.

હવે આપણે આ મહારૂપકના પ્રણેતાની કૃતિઓ વિચારીશું. એઓ પોતાનું નામ સિદ્ધ હોવાનું કહે છે પરંતુ એમને 'સિદ્ધર્ષિ' તરીકે ઓળખાવાય છે એ બાબત લક્ષ્યમાં રાખી સિદ્ધર્ષિ નામની પ્રાચીન વ્યક્તિની કૃતિઓ નોંધીશું, અને એ એમની જ છે એમ હાલ તુરત તો માની લઇશું. એ હિસાબે એમનો કૃતિકલાપ નીચે મુજબ છે:—

(૧) ઉપમિતિભવપ્રપંચા કથા.

(૨) **ચન્દ્રકેવલિ ચરિત્ર**. આ ચન્દ્રકેવલિચરિત્ર કે એવા કોઇ નામની પ્રાકૃત કૃતિ ઉપરથી સંવત્ ૫૯૮માં સંસ્કૃતમાં રચાયેલી કૃતિ છે આને ગુપ્ત સંવત્ ગણતાં આ વિ. સં. ૯૭૪ ની કૃતિ થાય એમ "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૧૮૬)માં ઉલ્લેખ છે. જ્યારે **જિનરત્નકોશ** (વિ ૧. પૃ ૧૧૮) પ્રમાણે તો આ વિ. સં. ૮૯૫ની કૃતિ છે. અને એ ૩૨૯૬ શ્લોક જેવડી છે અને એની એક હાથપોથી પાટણના ભંડારમાં છે.

(૩–૪) ધર્મદાસ ગણિ કૃત ઉવએસમાલાની વિસ્તૃત તથા સંક્ષિપ્ત અર્થાત્ મોટી અને નાની વૃત્તિ. મોટી વૃત્તિ ૯૫૦૦ શ્લોક જેવડી છે અને એને 'હેયોપાદેયા' તરીકે ઓળખાવાય છે. નાની વૃત્તિ ૪૧૭૦ શ્લોક જેવડી છે

(૫) **ન્યાયાવતાર** ઉપરની વૃત્તિ. વૃત્તિકાર તરીકે સિદ્ધ વ્યાખ્યાનિકનો ઉલ્લેખ છે. આ બધી કૃતિઓ એક જ કર્તાની રચનાઓ છે કે કેમ તેનો અંતિમ નિર્ણય કરવા માટે મારી પાસે પૂરતાં સાધન નથી એટલે અત્યારે તો આ સંબંધમાં થોડુંક કહીશ

**ચન્દ્રકેવલિ ચરિત્ર** અપ્રકાશિત છે એટલે એની કોઇ હાથપોથીનું આંતરિક નિરીક્ષણ કરવું પડે પણ તે મારે માટે શક્ય નથી.

જો ચન્દ્રકેવલિ ચરિત્ર વિ. સં. ૮૯૫ની જ કૃતિ હોય તો આ મહારૂપક કરતાં ૬૭ વર્ષ પહેલાં રચાયેલી મનાય અને એ પ્રસ્તુત મહારૂપકકારનીજ કૃતિ હોય તો એઓ લગભગ સો વર્ષ જીવ્યા હશે એમ અનુમનાય.

**ઉવએસમાલા**ની 'હેયોપાદેયા' નામની વૃત્તિમાં છપાયેલી છે. ગીર્દેવતાની કૃપાનો ઉલ્લેખ છે તેમજ ઉપમિતિભવપ્રપંચા કથાની પ્રશસ્તિનું [1]સોળમું પદ્ય પણ છે. એટલે આ વૃત્તિ મહારૂપકકારે રચ્યાનું મનાય તો ખોટું નહિ.

---

[1] આ પદ્ય પ્રક્ષિપ્ત તો નથી એની ખાતરી કરી લેવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ન્યાયાવતાર**ની વૃત્તિમાં એવી કોઇ વિગત છે ખરી કે જે ઉપમિતિભવપ્રપંચા કથા સાથે ખૂબ સામ્ય ધરાવે છે?

સિદ્ધર્ષિ નામની કોઇ વ્યક્તિએ ૫૦૦ શ્લોક જેવડી **સિદ્ધયોગમાલા** રચી છે.

**ભાષાવતરણ**—ઉપમિતિભવપ્રપંચા કથાના પીઠ બંધનું ગુજરાતી ભાષામાં અવતરણ સ્વ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆએ કર્યું હતું. આ અવતરણ "જૈન ધર્મ પ્રકાશ" માં વિ. સં. ૧૯૫૬ ના જેઠથી વિ. સં. ૧૯૫૯ ના ફાગણ સુધીમાં પૃ ૧૮૮ પૃષ્ઠોમાં છપાવાયું છે. ત્યાર બાદ સ્વ. કાપડીઆએ એ જ આઠે પ્રસ્તાવોનું ભાષાવતર પણ કર્યું છે. પહેલા ત્રણ પ્રસ્તાવનું ભાષાવતરણ પ્રથમ વિભાગ તરીકે વિ. સં. ૧૯૭૭ માં અને એની સુધારા-વધારાની બીજી આવૃત્તિ વિ. સં. ૧૯૮૧ માં 'જૈન ધર્મ પ્રસારક સભા" તરફથી પ્રસિદ્ધ કરાયું હતું. આ જ સંસ્થાએ પ્રસ્તાવ ૪-૫ નું આવું ભાષાવતરણ વિ. સં. ૧૯૮૦ માં અને બાકીના ત્રણે પ્રસ્તાવોનું વિ. સં. ૧૯૮૨ માં છપાવ્યું હતું.

આ ત્રણે વિભાગને અંગેનો વિસ્તૃત ઉપોદ્‌ઘાત **સિદ્ધર્ષિ** નામના પુસ્તકરૂપે સ્વ. કાપડીઆએ પુષ્કળ પરિશ્રમ લઇને જે તૈયાર કર્યો હતો તે પણ આ જ સંસ્થાએ વિ. સં. ૧૯૯૫ માં છપાવ્યો છે.

આજે ઉપર્યુક્ત ત્રણ ભાગો તેમજ **સિદ્ધર્ષિ** અપ્રાપ્ય છે. ભાષાવતરણ અક્ષરશઃ અનુવાદરૂપ નથી. એને અંગે અનેક સ્થળે છૂટ લેવાઇ છે.[1] તેમજ કેટલાક સુધારા-વધારા કરવા પણ આવશ્યક જણાય છે. તો આ ચારે પુસ્તકોના પ્રકાશનાર્થે સત્વર પ્રબંધ લાગતા વળગતાને કરવા મારી વિનમ્ર વિજ્ઞપ્તિ છે.

**જર્મન અનુવાદ**—સમગ્ર સંસારના રૂપક દ્વારા આલેખનથી અલંકૃત આ ઉપમિતિભવપ્રપંચા કથાના પહેલા ત્રણ પ્રસ્તાવોનો ડબ્લ્યુ કિર્ફેલે 'જર્મન' ભાષામાં જે અનુવાદ કર્યો હતો તે લાઇપિસગથી ૧૯૨૪ માં Indische Erzaler (X) માં છપાયો છે. આ અનુવાદ મારા જોવામાં આવ્યો નથી એટલે એ વિષે હું વિશેષ કહી શકતો નથી.

**અંગ્રેજી અનુવાદ**—આ મહારૂપકની અનેકવિધ મહત્તા જોતાં એનો અંગ્રેજીમાં ટિપ્પણોપૂર્વક અનુવાદ કરાવાય અને તે પ્રકાશિત કરાય તો દેશવિદેશમાં જૈન સાહિત્યની સાચી કદર થશે એટલું જ નહિ પરંતુ અનેક માનવીઓને પોતાની આધ્યાત્મિક અને નૈતિક પ્રગતિમાં એ સહાયક થઇ પડશે.

**નિબંધ**—ડૉ. એન. પિરોનોએ ઇ. સ, ૧૯૧૧માં **સિદ્ધર્ષિને** અંગે એક લેખ લખ્યો છે. એ 'Bulletin de Academic Imperiale des Science de St. Petersburg" માં છપાયો છે.

પ્રસ્તુત મહારૂપકને લક્ષીને જે કેટલીક કૃતિઓ રચાઇ છે, તેની હું સંક્ષિપ્ત નોંધ લઉં છું:—

૧. **ઉપમિતિભવપ્રપંચા કથા સારોદ્ધાર**—આ ૫૭૩૦ શ્લોક જેવડી કૃતિ શ્રી ચન્દ્રસૂરિના શિષ્ય દેવેન્દ્રસૂરિએ વિ. સં. ૧૨૯૮ માં રચી છે આને લઘુઉપમિતિભવ પ્રપંચા કથા પણ કહે છે. આની એક હાથપોથી ભાં. પ્રા. સં. મં. માં છે. એનો પરિચય મેં D C G C M (Vol. XIX, Sec. 2, pt. I, pp. 100–102) માં આપ્યો છે.

૨. **ઉપમિતિભવપ્રપંચા કથોદ્ધાર**—આ ૮૨ પત્રની કૃતિ હંસરત્ને રચી છે. આની સંક્ષિપ્ત નોંધ **સિદ્ધર્ષિ** (પૃ. ૬૬–૬૭) માં છે.

૩ આ જ નામની એક અજ્ઞાતકર્તૃક કૃતિ પણ છે. જુઓ ઉપર્યુક્ત સૂચીપત્ર (પૃ. ૧૦૨–૧૦૩).

૪. **ઉપમિતિભવપ્રપંચા નામસમુચ્ચય**—આ ૧૪૬૦ શ્લોક જેવડી કૃતિ વર્ધમાનસૂરિએ રચી છે એમણે ઉવએસપય ઉપર વિ. સં. ૧૦૫૫ માં વૃત્તિ રચી છે.

૫. **ઉપમિતિભવપ્રપંચોદ્ધાર**—આ ગદ્યાત્મક કૃતિ દેવસૂરિએ રચી છે, એ ૨૩૨૮ શ્લોક જેવડી છે.

૬. **[1]ધર્મનાથની વિનતિરૂપ સ્તવન**—આ વૈયાકરણ વિનયવિજય ગણિએ અહીં-સુરતમાં વિ. સ. ૧૭૧૬ માં ૧૩૮ કડીમાં રચ્યું છે. એનો મુખ્ય વિષય ઉપમિતિભવ પ્રપંચાકથાનું આછું આલેખન છે. એ માટે દેવેન્દ્રસૂરિ કૃત ઉપમિતિભવ પ્રપંચાકથા

---

૧ જુઓ **સિદ્ધર્ષિ** (પૃ. ૫૦૫).

૧ આ સ્તવનનો પરિચય મેં **વિનય સૌરભ** (પૃ. ૩૨–૩૭) માં આપ્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારોદ્ધારનો સુપ્રયોગ કરાયો છે આ સ્તવનને કેટલાક 'લઘુ-ઉપમિતિભવ પ્રપંચાકથા-સ્તવન' કહે છે.

૭ [1]**વૈરાગ્ય કલ્પલતા**—ઉપમિતિભવપ્રપંચા કથાનું યથેષ્ટ પાન કરી ન્યાયવિશારદ ન્યાયાચાર્ય યશોવિજય ગણિએ આ મહારૂપકને પોતાની પ્રતિભા વડે [2]સંમૃદ્ધ બનાવી જે રચના કરી તે આ **વૈરાગ્ય-કલ્પલતા** છે. એ મોડામાં મોડી વિ સં. ૧૭૧૬ ની કૃતિ છે. આ મૂળ કૃતિ તો સાદ્યન્ત પ્રકાશિત થઇ છે, પરંતુ એના પ્રારંભના લગભગ અડધા ભાગનો ગુજરાતી અનુવાદ ઇ. સ. ૧૯૦૧ માં પ્રકાશિત થયા બાદ બાકીનાનો અનુવાદ આજ દિન સુધી તો કોઇએ કર્યાનું જાણવામાં નથી. તો એના પ્રકાશનની તો વાત જ શી કરવી? આ કાર્ય વૈરાગ્યને વરેલા કોઇ વિબુધને હાથે સત્વર થવું ઘટે.

૮. [3]**વૈરાગ્યરતિ**—આ ઉપર્યુક્ત ન્યાયાચાર્યની રચના છે. આ અત્યારે તો અપ્રકાશિત છે. એટલે મહારૂપક સાથેના એના વિશેષ સંબંધ વિષે વિચારવું બાકી રહે છે. ન્યાયાચાર્યના જે ગ્રંથો ઉપલબ્ધ છે તેમાંથી કેટલાક અદ્યાપિ અપ્રકાશિત રહ્યા છે એ નોંધ મારે સખેદ લેવી પડે છે. ન્યાયાચાર્યની આવી કૃતિઓ પ્રકાશિત કરવામાં વિલંબ શાથી થયો છે અને થાય છે તે સમજાતું નથી.

૯. **ઉપમિતિભવ પ્રપંચા રાસ**—આ રાસ **શાન્તિહર્ષ**ના શિષ્ય **જિનહર્ષ** ઉર્ફે જસરાજે વિ. સં. ૧૭૪૫માં ૧૨૭ ઢાલમાં રચ્યો છે. આ પ્રસ્તુત મહારૂપકનું ગુજરાતીમાં મોટામાં મોટું પદ્યાત્મક નિરૂપણ છે. એથી તેમજ આ અઢારમી સદીની ગુજરાતી ભાષાના અભ્યાસ માટેનું મહત્ત્વનું સાધન પણ છે. એથી "આનંદકાવ્ય મહોદધિ"નાં મૌક્તિકોની શ્રેણિ જે આજે વર્ષો થયાં આગળ વધી નથી તેના એક મૌક્તિક તરીકે આને સ્થાન આપવા આ શ્રેણિના સંચાલકોનું હું સાદર ધ્યાન ખેંચું છું.

આ રાસની શરૂઆતની છ કડી અને અંતમાંની અઢાર કડી **જૈન ગુર્જર કવિઓ** (ભા. ૩, ખંડ ૨, પૃ. ૧૧૬૦–૧૧૬૧) માં અપાઇ આ રાસની ૫૭ મી ઢાલ કડખાની [1]દેશીમાં રચાયેલી છે.

રૂપકાત્મક સાહિત્ય અંગે સિદ્ધર્ષિમાં કેટલીક કૃતિઓની નોંધ છે.[2] દા. ત. **ભાગવત** (સ્કંધ ૪) ગત પુરંજન, **પ્રબોધ ચિન્તામણિ અને** એનું ભાષાન્તર, **મોહ વિવેકનો રાસ, ભુવનભાનુ** કેવલિ ચરિત્ર અને જોન **બનિયને** ઇ. સ. ૧૬૬૦ માં કારાગૃહમાં રચેલ Pilgrim's Progress (પિલ્ગ્રિમ્સ પ્રોગ્રેસ).

**વાર્તિક**—ઉપર્યુક્ત હંસરત્ને સંસ્કૃતમાં જે ઉપમિતિભવ પ્રપંચાકથોદ્ધાર રચ્યો છે તેના ઉપર અમૃતસાગર ગણિએ વાર્તિક રચ્યું છે. આ વાર્તિક **પ્રકરણ રત્નાકર**—(ભા. ૧, પૃ.        ) માં ભીમશી માણેકે છપાવ્યું છે. એ વાર્તિક સ્વ. કુંવરજી આણંદજી ભાવનગરમાં વિ. સં. ૧૯૫૦ માં **શ્રોતાવર્ગને** વાંચી સંભળાવતા હતા.[3]

આ વાર્તિકની ભાષામાં પરિવર્તન કરીને એક પુસ્તક જૈ. ધ. પ્ર. સ. એ વિ. સં. ૧૯૫૩ માં છપાવ્યું છે. એનું નામ "                    " રખાયું છે. આ પુસ્તક પણ હવે મળતું નથી તો એના પ્રકાશન માટે યોગ્ય પ્રબંધ સત્વર થવો ઘટે.

સમસ્ત સંસારના વિસ્તારને ઉપમા દ્વારા રજૂ કરનારા પ્રસ્તુત ગ્રન્થ વિષે પ્રો. વિન્તર્નિત્સે જે કથન કર્યું છે તે દર્શાવવા મારી પાસે અત્યારે કોઈ સાધન નથી એટલે એનો કેવળ નિર્દેશ કરી આ લેખ પૂર્ણ કરું છું અને આશા રાખું છું કે આ મહારૂપકને અંગે જે કાંઇ કરવા જેવું બાકી જણાય તે જૈન શાસનના મહારતંભરૂપ ગણાતા મુનિવરો મન ઉપર લેશે અને જૈન શાસન અને સાહિત્યનો તેમ કરી જયજયકારનો માર્ગ મોકળો કરશે.

---

૧ આનો પરિચય મેં **યશોદોહન** (પૃ. ૧૦, ૨૪, ૭૮, ૨૩, ૧૪૪, ૨૧૮, ૨૨૩, ૨૦૬, ૨૮૧ અને ૨૯૭) માં આપ્યો છે.

૨ દા. ત. સમાધિનું વર્ણન.

૩ આના પરિચય માટે જુઓ **યશોદોહન** (પૃ. ૧૨, ૨૪, ૨૩ અને ૧૧૮–૧૧૯).

૧ આ દેશી અને એમાં રચાયેલી કૃતિઓની માહિતી મેં "કડખો અને જૈન સાહિત્ય" નામના મારા લેખમાં આપી છે.

૨ મેં આ સંબંધમાં કેટલીક હકીકત "પાઇય (પ્રાકૃત) ભાષાઓ અને સાહિત્ય" નામના મારા પુસ્તક (પૃ. ૧૨૯ અને ૨૪૫) માં રજૂ કરી છે.

૩ જુઓ **સિદ્ધર્ષિ** (પૃ. ૬૭ અને ૫૦૬).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

# પ્રાર્થના

ડૉ. એલેક્ષીસકેરલ એમ. ડી. નોબલ પ્રાઈઝ જીતનાર જણાવે છે કે સાચી આત્મભાવના ચોક્કસ અવસ્થાઓ શારીરિક શુભ ફેરફારો કરી શકે છે. જેમાં પ્રાર્થનાનો સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારની વ્યક્તિગત સ્વાર્થની સાધના કરવામાં આવતી પ્રાર્થના ફોગટ જાય છે. સ્વાર્થ વિનાની પ્રાર્થનાથી પરમાત્માનો સંબંધ જાળવી શકાય છે.

આપણું મન લગભગ બધો વખત કોઇ ને કોઈ અપેક્ષાવાળી સ્થિતિમાં હોય છે. આ બાબતને સમજવા માટે આપણે એકાંતમાં શાંતપણે બેસી આપણા મનમાં અવિરતપણે ચાલતા રહેતા આંતરપ્રવાહોને નીરખવા અને ઓળખવા પડશે. ક્રિયામાત્રના બીજ મનમાં ઈચ્છારૂપે રહેલા છે અને વૃત્તિજન્ય સંકલ્પો તેમાંથી જ ઉત્પન્ન થાય છે.

શાંત એકાંત સ્થળમાં આંખો મીંચી એકલા બેસો. આમ કરવાથી પોતાની અંદર રહેલાં ખરાબ અને સારા સંકલ્પો, વિચારો બહાર આવશે. તેમાંથી સારાને પોષી અને તેમને વધારવા પ્રયત્ન કરો અને ખરાબને ઓછાં કરો. આવો પ્રયત્ન ચાલુ રાખવાથી આધ્યાત્મિક પ્રગતિ થશે.

તદ્દન અપેક્ષા રહિત અવસ્થા કેવી હોય તે સમજવું હોય તો આપણે નિદ્રાવસ્થાની અવસ્થાનો અભ્યાસ કરો. નિદ્રાવસ્થા દરમ્યાન મન અને શરીર એકબીજાથી જુદા પડી જાય છે; તેથી ઉંઘમાં શક્તિ સંપાદન કરી શકાય છે.

જાગૃત અવસ્થામાં શરીર અને મન એકબીજાથી જુદા પડી શકતા નથી તેથી મનની પ્રક્રિયા શરીર પર થાય છે અને આઘાતને લીધે શરીર ધક્કો અનુભવે છે. આથી શરીરને થાક લાગે છે.

નિદ્રામાં હોય છે તેવો તટસ્થ ભાવ જો જીવ જાગ્રત અવસ્થામાં રાખી શકે તો તેની શક્તિ અને તંદુરસ્તી જળવાય છે. અસલના વખતમાં જીવનમા સરળતા અને સાદાઈ હતાં; તેથી સાચા-ખોટાં ઓછા કરવા પડતાં અને મનનો આઘાત શરીર પર બહુ જ ઓછો પડતો હતો. માણસ લુચ્ચો અને સ્વાર્થી બન્યો તેથી મનની પ્રક્રિયા શરીર પર થઈ છે અને માણસ અલ્પજીવી બન્યો.

પ્રાર્થના, ધ્યાન, સત્સંગ, સદ્‌વાંચન દ્વારા માણસ જ્યારે પોતાને તપાસતો થાય ત્યારે શરીર પર મનની પ્રક્રિયા ઓછી અસર કરે છે. આમ માણસ કરતો નથી તેથી બ્લડપ્રેશર, હાર્ટટ્રબલ મીઠી પેશાબ જેવા દર્દો થાય છે.

મનને શાંત અને સ્થિર કરી પરમાત્માનો સંપર્ક સાધો. આ ટેવ પાડવા માટે પ્રાર્થના અને ધ્યાનની બહુ જરૂર છે. સ્થિર જળ ભરેલ પાત્રમાં જેમ પ્રતિબિંબ સ્પષ્ટ પડે છે અને

( અનુસંધાન ટાઈટલ પેજ ૨ ઉપર )

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય-ભાવનગર

For Private And Personal Use Only